# વરસાદ નહીં પડતા ડાંગર-શેરડીનો પાક સંકટમાં

**20 દિવસથી વરસાદ નહીં પડતાં ખેડૂતોમાં ચિંતા વધી, 80 હજાર એકર ડાંગરને જોખમ**

**સુગર બેલ્ટમાં સફેદ માખીનો ઉપદ્રવ વધતાં શેરડી-ખાંડસરીનું ઉત્પાદન 10થી 15 ટકા ઘટવાની શક્યતા**



સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ચાલુ ચોમાસાની સિઝનમાં એક પખવાડિયાના વિલંબ બાદ ધોધમાર વરસાદ શરૂ થતાં ખાડીઓ અને નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદથી ખેડૂતોને રાહત મળી હતી અને શાકભાજી તથા બાગાયતી પાકોને જીવતદાન મળ્યું હતું. જોકે, ત્યારબાદ છેલ્લા લગભગ 20 દિવસથી વરસાદે લાંબો વિરામ લેતાં હવે ડાંગર અને શેરડી પકવતા ખેડૂતોની ચિંતા વધી ગઈ છે. વરસાદની સતત ખેંચથી પાક સૂકાવાની અને ઉત્પાદન ઘટવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુરત જિલ્લાના ખેડૂત અને સહકારી અગ્રણી જયેશ એન. પટેલ (દેલાડ) એ જણાવ્યું હતું કે, સમયસર વરસાદ નહીં પડતાં ડાંગર અને શેરડીના પાક પર ગંભીર અસર થવા લાગી છે. ખાસ કરીને સાયણ, બારડોલી અને નવસારીના સુગર બેલ્ટમાં શેરડીના પાકમાં સફેદ માખીનો ઉપદ્રવ વધ્યો છે. વરસાદની અછત અને જીવાતોના વધતા ઉપદ્રવને કારણે દક્ષિણ ગુજરાતમાં ચાલુ સિઝનમાં શેરડી અને ખાંડસરીનું ઉત્પાદન અંદાજે 10થી 15 ટકા ઘટવાની શક્યતા છે.

તેમણે જણાવ્યું હતું કે, સુરત, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લાના ડુંગરાળ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વરસાદ આધારિત ડાંગરની ખેતી થાય છે. ઉમરપાડા, માંડવી, વ્યારા, સોનગઢ, ઉચ્છલ અને નિઝર જેવા વિસ્તારોમાં વરસાદ ઓછો થતાં જંગલ અને ડુંગરાળ વિસ્તારોમાં વરસાદ આધારિત ડાંગરના પાકને મોટું નુકસાન થવાની શક્યતા ઊભી થઈ છે. ખેડૂતો હાલમાં આકાશ તરફ મીટ માંડીને વરસાદની રાહ જોઈ રહ્યા છે. આશરે 80 હજાર એકર વિસ્તારમાં આવેલા ડાંગરના પાકને જોખમ ઊભું થયું હોવાનું જણાવતાં જયેશ દેલાડે કહ્યું હતું કે, આગામી દિવસોમાં પણ વરસાદ નહીં પડે તો નાના અને સીમિત જમીન ધરાવતા ખેડૂતોની આવક પર સીધી અસર પડશે.

વરસાદના વિલંબની અસર માત્ર ખેતી પૂરતી મર્યાદિત રહેવાની નથી. જો વરસાદ વધુ સમય સુધી ખેંચાશે તો ઘાસચારાની અછત સર્જાઈ શકે છે. જેના કારણે પશુપાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે અને પશુઓના દૂધ ઉત્પાદનમાં પણ ઘટાડો થવાની શક્યતા છે.

આમ, એક તરફ ડાંગરના પાક પર દુષ્કાળ જેવી સ્થિતિનું જોખમ અને બીજી તરફ શેરડીમાં સફેદ માખીનો વધતો ઉપદ્રવ દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે ચિંતાનો વિષય બન્યો છે. હવે આગામી દિવસોમાં મેઘરાજા મહેરબાન થાય છે કે નહીં તેના પર દક્ષિણ ગુજરાતની ખેતી અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાનું ભવિષ્ય નિર્ભર બન્યું છે.

### સુરતમાં શેરડીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે

વર્ષ 2024-25ના ઉપલબ્ધ જિલ્લા-વાર કૃષિ આંકડાઓ મુજબ દક્ષિણ ગુજરાતમાં શેરડીનું સૌથી વધુ ઉત્પાદન સુરત જિલ્લામાં નોંધાયું છે. સુરતમાં શેરડીનો વિસ્તાર 83,900 હેક્ટર અને ઉત્પાદન આશરે 60.82 લાખ ટન રહ્યું છે. તાપીમાં 26,082 હેક્ટરમાં 20.19 લાખ ટન, જ્યારે નવસારીમાં 16,474 હેક્ટરમાં 11.50 લાખ ટન શેરડીનું ઉત્પાદન નોંધાયું છે. વલસાડ જિલ્લામાં શેરડીનું વાવેતર 5,450 હેક્ટર વિસ્તારમાં થયું હતું અને ઉત્પાદન આશરે 3.97 લાખ ટન નોંધાયું હતું.

# હાઈકોર્ટ-સુરત કોર્ટને ઉડાવી દેવાની ધમકીમાં બે ઝડપાયા

**અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ અને સુરત ક્રાઈમ બ્રાન્ચે ચેન્નઈથી દબોચી લીધા**

**ટ્રેનમાં નવું ઈ-મેઈલ હોટલો અને વાઈ-ફાઈ બદલતા રહ્યા છતાં ૪૮ કલાકમાં પોલીસના સકંજામાં**

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટ અને સુરત સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઈલથી ખળભળાટ મચાવનાર બે આરોપીને અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ અને સુરત ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના ૪૮ કલાકમાં તમિલનાડુના ચેન્નઈથી ઝડપી પાડ્યા છે. મુખ્ય આરોપી મહોમદઅસ્ફાક મહોમદઅસલમ અંસારી અગાઉ સુરત ડીસીબી પોલીસ સ્ટેશનના એનડીપીએસના ગુનામાં જેલમાં બંધ હતો. જામીન ન મળતાં તે પેરોલ પર બહાર આવ્યો હતો, પરંતુ પેરોલની મુદત પૂર્ણ થયા બાદ જેલમાં પરત હાજર થવાને બદલે આશરે નવ મહિનાથી ફરાર હતો.

બીજી તરફ તેનો સાથીદાર રાજેશ ઉર્ફે રાજ મિકેલ મુનિયા પણ અગાઉ લાજપોર જેલમાં તેની સાથે સંપર્કમાં આવ્યો હતો.

તપાસ મુજબ બંને ચેન્નઈમાં રોકાયા હતા અને ત્યાંથી પોતાની ઓળખ છુપાવી પોલીસને ગેરમાર્ગે દોરવા માટે ધમકીભર્યો ઈ-મેઈલ મોકલવાનું કાવતરું ઘડ્યું હતું.

### કોર્ટની કાર્યવાહીથી બચવા ધમકીનું કાવતરું

૫ સપ્ટેમ્બરના રોજ મહોમદઅસ્ફાકની સુરત સેશન્સ કોર્ટમાં ટ્રાયલની મુદ્દત હતી અને તે કોર્ટમાં હાજર રહેતો ન હતો. અગાઉ તેની જામીન અરજી પણ નામંજૂર થઈ હતી. કોર્ટમાં હાજરી આપવાની પરિસ્થિતિમાંથી છટકવા તેમજ પોલીસ અને કોર્ટની કાર્યવાહીમાં વિક્ષેપ ઊભો કરવા માટે બંનેએ ભેગા મળી ધમકીભર્યો ઈ-મેઈલ મોકલ્યો હોવાનું તપાસમાં જણાયું છે.

### મુંબઈ-ચેન્નઈ ટ્રેનમાં ઈ-મેઈલ આઈડી બનાવ્યું

મહોમદઅસ્ફાકે મુંબઈથી ચેન્નઈ જતી ટ્રેનમાં મુસાફરી દરમિયાન નવું ઈ-મેઈલ આઈડી બનાવ્યું હતું. ચેન્નઈ પહોંચ્યા બાદ બંને અલગ-અલગ હોટલોમાં રોકાતા અને વારંવાર હોટલો બદલતા રહ્યા હતા. ધમકીભર્યો ઈ-મેઈલ મોકલતી વખતે વિવિધ વાઈ-ફાઈ નેટવર્ક અને પ્રોક્સી જેવા તકનીકી માધ્યમોનો ઉપયોગ કરીને આઈપી સરનામું અને લોકેશન છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. છતાં સાયબર ક્રાઈમ બ્રાન્ચે ઈ-મેઈલ સંબંધિત તકનીકી ડેટાનું વિશ્લેષણ, તકનીકી સર્વેલન્સ અને માનવીય બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા.

### એનડીપીએસના ગુનાનો પણ ગુનાહિત ઇતિહાસ

પોલીસના રેકોર્ડ મુજબ મુખ્ય આરોપી મહોમદઅસ્ફાક અગાઉ સુરત ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસના ગુનામાં ઝડપાયો હતો. આ કેસમાં તેની પાસેથી ૫૧૨ ગ્રામ હાઇબ્રિડ ગાંજો મળી આવ્યો હતો અને તે આશરે દોઢ વર્ષ જેલમાં રહ્યો હતો. પેરોલ પર છૂટ્યા બાદ તે પરત જેલમાં હાજર થયો ન હતો અને ત્યારથી ફરાર હતો. સહઆરોપી રાજેશ ઉર્ફે રાજ પણ અગાઉ એનડીપીએસના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે અને તેના કબજામાંથી ૧૦૦.૨૬૦ ગ્રામ મેફેડ્રોન મળી આવ્યું હોવાનું પોલીસ રેકોર્ડમાં નોંધાયું છે.

# ઉકાઈ ડેમમાં પાણીની આવક-જાવક ઘટી, સપ્ટેમ્બરના વરસાદ પર આશ

**ડેમની સપાટી 335.41 ફૂટે પહોંચી; રૂલ લેવલથી હજુ 4.59 ફૂટ નીચે, હાલ 73.73 ટકા જળસંગ્રહ**

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદે વિરામ લેતા છેલ્લા કેટલાક સમયથી ડેમમાં પાણીની આવક અને જાવક બંનેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હાલ ઉકાઈ ડેમમાં આશરે 6 હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી છે અને એટલું જ પાણી ડેમમાંથી છોડવામાં આવી રહ્યું છે. જેના પગલે ડેમની સપાટી અને જળસંગ્રહમાં છેલ્લા કેટલાક સમયથી સ્થિરતા જોવા મળી રહી છે. હાલ ઉકાઈ ડેમનું રૂલ લેવલ 340 ફૂટ નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે ડેમની સપાટી 335.41 ફૂટ નોંધાઈ છે. આમ, ડેમની વર્તમાન સપાટી રૂલ લેવલ કરતાં 4.59 ફૂટ નીચે છે. ડેમમાં હાલ કુલ સંગ્રહ ક્ષમતાના 73.73 ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. એટલે કે, ડેમ હજુ પણ 26.27 ટકા ખાલી છે. ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદનું જોર ઘટ્યું છે. ઉપરવાસમાં ભારે વરસાદ ન પડતાં નદીઓમાંથી ડેમમાં આવતી પાણીની આવક પણ ઘટી છે. હવે ઉકાઈ ડેમ માટે સપ્ટેમ્બર મહિનાનો વરસાદ નિર્ણાયક બની શકે છે. ઉપરવાસમાં સારો વરસાદ પડે અને નદીઓમાં પાણીની આવક વધે તો ડેમમાં જળસંગ્રહમાં ઝડપી વધારો થઈ શકે છે. પરિણામે ડેમ 100 ટકા ભરાવાની સ્થિતિ તરફ આગળ વધી શકે છે. બીજી તરફ, જો સપ્ટેમ્બરમાં ઉપરવાસમાં વરસાદનું પ્રમાણ ઓછું રહે તો હાલની સ્થિતિમાં મોટો ફેરફાર નહીં થાય.

### હજુ 26.27 ટકા જળસંગ્રહની જગ્યા

ઉકાઈ ડેમમાં હાલ 73.73 ટકા પાણીનો સંગ્રહ છે. એટલે કે ડેમ તેની કુલ ક્ષમતાના હજુ 26.27 ટકા ભાગ જેટલો ખાલી છે. ડેમની સપાટી પણ રૂલ લેવલથી 4.59 ફૂટ નીચે હોવાથી સપ્ટેમ્બર મહિનામાં ઉપરવાસમાં પડનારા વરસાદ પર ડેમનું આગામી જળસ્તર નિર્ભર રહેશે. ઉકાઈ ડેમનું જળસ્તર સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે મહત્ત્વપૂર્ણ છે. ડેમમાં પાણીનો સારો સંગ્રહ રહે તો સિંચાઈ અને અન્ય પાણીની જરૂરિયાતો માટે પણ રાહત રહે છે. બીજી તરફ, ઉપરવાસમાં ભારે વરસાદ થાય ત્યારે ડેમમાં આવક વધવાની સાથે પાણી છોડવાની સ્થિતિ પણ ઊભી થઈ શકે છે.

# સચિન સ્ટેશને પથ્થર મારી મિત્રની પાંસળી તોડી નાંખી

**બોલાચાલીમાં જીવલેણ હુમલો કરી મિત્રને નગ્ન હાલતમાં મૂકી ફરાર થયેલો આરોપી ઝડપાયો**

સુરતઃ સુરતના સચિન રેલવે સ્ટેશન બહાર ફળોનું વેચાણ કરતાં બે મિત્ર વચ્ચે નજીવી બાબતે થયેલા ઝઘડામાં એક મિત્રે બીજા મિત્ર પર પથ્થર વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. હુમલાખોરે પોતાના જ મિત્રને નગ્ન હાલતમાં અધમૂઓ છોડીને ફરાર થઈ ગયો હતો.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ સચિનના કનસાડ ગામ ખાતે ભરવાડ ચાલમાં રહેતા ૪૨ વર્ષીય રાજકુમાર ઉર્ફે રાજધારી સોનકર સચિન રેલવે સ્ટેશન બહાર ફળોનો વેપાર કરે છે. તેમનો જ વતન ભાઈ અને મિત્ર શિવા ગણેશ સોનકર (રહે., સચિન) પણ ત્યાં જ ફળ વેચે છે. બંને મિત્રોએ બપોરે સાથે બેસીને જમવાનું જમ્યું હતું. આ દરમિયાન કોઈ મુદ્દાને લઈને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ બંને સાંજના સમયે સચિન રેલવે સ્ટેશનના પગથિયાં પર બંને વચ્ચે ફરીથી ઝઘડો શરૂ થયો હતો. શિવા સોનકરે આવેશમાં આવીને સ્ટેશનના પગથિયાં પરથી પથ્થર ઉપાડી રાજકુમાર પર આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કર્યું હતું. આ હુમલામાં રાજકુમારની પાંસળીઓ તૂટી ગઈ હતી અને શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. રાજકુમારને તાત્કાલિક સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે વલસાડ રેલવે પોલીસે શિવા સોનકરની અટકાયત કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# VNSGUની ખાલી બેઠકો પર પ્રવેશ માટે મોપ-અપ રાઉન્ડ જાહેર

**26 સપ્ટેમ્બર સુધી ફોર્મ, 30 સપ્ટેમ્બર સુધી પ્રવેશ કન્ફર્મેશન**

સુરતઃ VNSGU સંલગ્ન કોલેજો અને અનુસ્નાતક વિભાગોમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટે જી-કાસ પોર્ટલ મારફત મોપ-અપ રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. આ રાઉન્ડમાં અગાઉ રજિસ્ટ્રેશન ન કરાવી શકેલા વિદ્યાર્થીઓ પણ નવેસરથી અરજી કરી શકશે. યુનિવર્સિટીના પરિપત્ર મુજબ, 7 સપ્ટેમ્બરથી 26 સપ્ટેમ્બર સુધી જી-કાસ પોર્ટલ પર નવું રજિસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરી શકાશે. આ સમયગાળા દરમિયાન ફોર્મમાં જરૂરી સુધારા કરવા તેમજ કોલેજ અને વિષયની પસંદગીમાં ફેરફાર કરવાની તક મળશે.

મોપ-અપ રાઉન્ડમાં વિદ્યાર્થીઓના અસલ દસ્તાવેજો અને પાત્રતાની ચકાસણી કર્યા બાદ જે તે અનુસ્નાતક વિભાગો દ્વારા 30 સપ્ટેમ્બર સુધી પ્રવેશ ઓફર જનરેટ કરી પ્રવેશ કન્ફર્મ કરવામાં આવશે. MPT, M.Sc. નર્સિંગ, M.Opto અને P.B. B.Sc. નર્સિંગ સિવાયના અભ્યાસક્રમો માટે મોપ-અપ રાઉન્ડ લાગુ પડશે.

# પાંચ માસમાં ટિકિટ ચેકિંગથી ૧૦૦ કરોડનો દંડ વસૂલાયો

**૧૩.૪૭ લાખ વગર ટિકિટના મુસાફરો પકડાયા, AC લોકલ ટ્રેનમાં દંડની વસૂલાતમાં ૧૭૦%થી વધુનો મસમોટો ઉછાળો**

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા તેના સમગ્ર નેટવર્ક પર વગર ટિકિટ અને અનિયમિત મુસાફરી કરનારાઓ સામે સતત સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સિનિયર કોમર્શિયલ ઓફિસરના સુપરવિઝન હેઠળ મુંબઈ સબર્બન (લોકલ), લાંબા અંતરની મેલ/એક્સપ્રેસ, પેસેન્જર અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં સતત ચેકિંગ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન બુકિંગ વિનાના સામાન અને વગર ટિકિટે પ્રવાસ કરતા કુલ ૧૩.૪૭ લાખ મુસાફરો પકડાયા હતા, જેમની પાસેથી ૧૦૦.૪૨ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે. માત્ર ઓગસ્ટ ૨૦૨૬ના એક જ મહિનામાં ૨.૧૩ લાખથી વધુ અનિયમિત મુસાફરો પાસેથી ૧૭.૧૬ કરોડનો દંડ વસૂલાયો છે.

### મુંબઈ સબર્બન અને AC લોકલમાં કડક ચેકિંગ

મુંબઈ સબર્બન સેક્ટરમાં એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન વગર ટિકિટે મુસાફરી કરતાં ૪.૬૫ લાખ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યાં હતાં, જેમાંથી ૨૫.૬૫ કરોડનો દંડ એકત્ર કરવામાં આવ્યો છે. જ્યારે સામાન્ય ટિકિટ કે પાસ પર એસી લોકલ ટ્રેનમાં અનધિકૃત રીતે મુસાફરી કરતા મુસાફરો પર પણ કડક નજર રાખવામાં આવી રહી છે. છેલ્લા ૫ મહિનામાં એસી લોકલમાં ૭૮,૬૦૦ જેટલા દંડના કેસો નોંધાયા છે, જેનાથી ૩.૨૬ કરોડની વસૂલાત થઈ છે. આ આંકડો ગયા વર્ષની સરખામણીએ (૩૬,૪૮૦ કેસ અને ૧.૨૦ કરોડ) લગભગ ૧૭૨% નો વધારો દર્શાવે છે.

## પીઆઈબી અમદાવાદની કમાન હવે સિદ્ધાર્થ બોડકેના હાથમાં



અમદાવાદઃ ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસના ૨૦૦૮ બેચના અધિકારી સિદ્ધાર્થ બોડકેએ આજે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, અમદાવાદના એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે પદભાર સંભાળ્યો છે. જાહેર સંચાર અને મીડિયા સંબંધિત કામગીરીનો અનુભવ ધરાવતા બોડકે અગાઉ દૂરદર્શન કેન્દ્ર મુંબઈ, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દિલ્હી અને દૂરદર્શન ન્યૂઝ દિલ્હી ખાતે વિવિધ જવાબદારીઓ નિભાવી ચૂક્યા છે. ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસમાં તેમની કારકિર્દી દરમિયાન તેમણે પ્રસારણ, મીડિયા વ્યવસ્થાપન અને જાહેર સંચારના વિવિધ પાસાં સાથે કામગીરી કરી છે. બદલાતા સંચાર પરિદૃશ્યને ધ્યાનમાં રાખીને ઉભરતાં સંચાર માધ્યમો અને પ્લેટફોર્મનો અસરકારક ઉપયોગ કરવા તેમજ સમાજના વિવિધ વર્ગો સુધી માહિતીની પહોંચ વધુ વ્યાપક બનાવવાની જરૂરિયાત પણ વ્યક્ત કરી હતી.

# 'ઓપરેશન ગંગાજળ'માં વધુ બે મહેસૂલી અધિકારી સસ્પેન્ડ

**મહેસાણાના જમીન દફ્તર સુપરિન્ટેન્ડેન્ટ બિકીશા પટેલ અને ભાવનગરના જમીન દફ્તર નિરીક્ષક કે.એ. પંડ્યાને ફરજ મોકૂફ કરાયા**

**જમીન સર્વે-દફ્તરની કામગીરીમાં ગેરરીતિની ફરિયાદો બાદ ગાંધીનગરથી ખાસ તપાસ ટીમો મોકલાઈ હતી**

ગાંધીનગરઃ રાજ્યના સરકારી તંત્રમાં ગેરરીતિ અને ફરજમાં બેદરકારી સામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફરી એક વખત કડક વલણ અપનાવ્યું છે. 'ઓપરેશન ગંગાજળ' અંતર્ગત જમીન મહેસૂલ અને જમીન દફતર વિભાગમાં ગેરરીતિ તથા ભ્રષ્ટાચારની ફરિયાદોને પગલે રાજ્ય સરકારે મહેસાણા અને ભાવનગરના બે અધિકારીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરી છે.

મહેસાણાના વર્ગ-૧ના સુપ્રિટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકર્ડ્સ બિકીશા પટેલ અને ભાવનગરના વર્ગ-૨ના જમીન દફતર નિરીક્ષક કે.એ. પંડ્યાને ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચેલી ફરિયાદો બાદ ગાંધીનગરથી ખાસ તપાસ ટીમો મોકલી સ્થળ તપાસ કરાવવામાં આવી હતી અને તપાસ દરમિયાન ગંભીર બેદરકારી તથા અનિયમિતતાઓ સામે આવતાં બંને અધિકારીઓ સામે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જમીન સર્વે, જમીનના રેકોર્ડમાં સુધારા-અપડેટ તથા જમીન દફતર સંબંધિત કામગીરીમાં સામાન્ય નાગરિકોને હેરાનગતિ થતી હોવાની અને ગેરરીતિની ફરિયાદો મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચી હતી.

ફરિયાદોને ગંભીરતાથી લઈને ગાંધીનગરથી ખાસ તપાસ ટીમો સંબંધિત સ્થળોએ મોકલવામાં આવી હતી.

# ગણદેવીના બ્રેઇન ડેડ આધેડના અંગદાનથી ત્રણને નવજીવન

**શ્રાવણના અંતિમ સોમવારે સુરત નવી સિવિલમાં 100મું સફળ અંગદાન**



સુરતઃ ગણદેવી તાલુકાના અંબાડા ગામના 56 વર્ષીય ભલાભાઈ છગનભાઈ હળપતિ ખેતીકામ કરતાં બેભાન થઈ ગયા હતા. જે બાદ નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. સ્થિતિમાં સુધારો ન થતાં રાત્રે તેમને સુરત નવી સિવિલ હોસ્પિટલની ઈમરજન્સી ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા.

સારવાર દરમિયાન ન્યુરો સર્જન સહિતની તબીબી ટીમે 6 સપ્ટેમ્બરના રોજ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. પરિવારે અંગદાન માટે સંમતિ આપતા ભલાભાઈની બે કિડની અને એક લીવર અમદાવાદની IKDRC હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં પ્રત્યારોપણ થકી ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળ્યું છે. પ્રાર્થના સભામાં તબીબી અધિક્ષક ડો. પારૂલ વડગામા, RMO ડો. કેતન નાયક, પ્લાસ્ટિક સર્જન ડો. નિલેશ કાછડીયા, નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ નિરજા પટેલ, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકર્તા ઇકબાલ કડીવાલા સહિત તબીબો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે અને એકાદશીના પાવન દિવસે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં 100મું સફળ અંગદાન થયું છે.

### 'જીવન પૂરું થઈ શકે, માનવતા ક્યારેય નહીં': આરોગ્ય મંત્રી

ભલાભાઈની પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહેલા આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ હળપતિ પરિવારને સાંત્વના પાઠવી અંગદાનના નિર્ણયને બિરદાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભલાભાઈનું અંતિમ દાન આપણને શીખવે છે કે માનવીનું જીવન પૂરું થઈ શકે છે, પરંતુ માનવતા ક્યારેય પૂરી થતી નથી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સ્વચ્છ વાયુ...

પ્રદેશનું લખનૌ પ્રથમ જ્યારે બીજા નંબર ઈન્દોર, ત્રીજા નંબરે જબલપુર, જ્યારે ચોથા નંબરે આગ્રા અને ભોપાલ આવ્યા છે. આ સાથે દેશની રાજધાની નવી દિલ્હી ૧૭૨ માર્ક્સ સાથે ૨૧મા ક્રમે અને મુંબઈ ૧૬૦.૮ માર્ક્સ સાથે ૨૮મા ક્રમે રહ્યા હતા. આ સર્વેક્ષણ માત્ર હવાની ગુણવત્તાના આધારે નહીં, પરંતુ પ્રદૂષણ નિયંત્રણ માટે શહેરો દ્વારા કરવામાં આવેલા વ્યવહારુ પ્રયાસો અને તેના અમલીકરણના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ૮ મુખ્ય ઘટકો પર ગુણ આપવામાં આવ્યા હતા.

### સુરત 2024માં...

પોલ ખોલી નાંખી છે. વર્ષ-2024માં એર ક્વોલિટી મોનિટરિંગમાં સુરત પહેલા નંબરે આવ્યું હતું. જ્યારે વર્ષ-2025માં ત્રીજા નંબરે આવ્યું હતું. જોકે, આ વખતે ટોપ થ્રીમાંથી પણ સ્થાન ગુમાવી દેતાં સુરતના તંત્ર વાહકોના દાવાઓની પોલ ખૂલી ગઈ છે.

### નાનકડી...

સિદ્ધિની મસમોટી પબ્લિસિટી કરતાં મનપાના તંત્રએ એર ક્વોલિટી મોનિટરિંગમાં કેટલામો ક્રમ આવ્યો તે અંગે પ્રેસનોટ આપવાનું પણ ટાળ્યું હતું.

### આજે નવસારીમાં...

કાર્યાલયના લોકાર્પણને લઈને તંત્ર અને આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. આયોજકો દ્વારા 'નમો કમલમ'ને દેશના પ્રથમ AI આધારિત કાર્યાલય તરીકે રજૂ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નવસારી હેલિપેડ પર આગમન કર્યા બાદ કાર્યક્રમ સ્થળે પહોંચશે. લોકાર્પણ બાદ વડાપ્રધાન કાર્યાલયના વિવિધ વિભાગોની મુલાકાત લઈ મીડિયા વિભાગ, કોલ સેન્ટર, લાઇબ્રેરી તેમજ પંડિત દીનદયાળ, શ્યામાપ્રસાદ મુખર્જી અને અટલ સભાખંડની મુલાકાત લેવાના છે. ત્યારબાદ તેઓ ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરશે.

વડાપ્રધાનના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને નેશનલ હાઈવે સહિત કાર્યક્રમ સ્થળ અને આસપાસના વિસ્તારમાં સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. વાહન વ્યવસ્થા અને પાર્કિંગથી લઈને પીવાના પાણી સહિતની સુવિધાઓ માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના આગમન પૂર્વે નવસારીમાં ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે 'નમો કમલમ'ના લોકાર્પણને લઈને શહેર અને જિલ્લામાં ખાસ ઉત્સુકતા જોવા મળી રહી છે.

### નવસારીના દરિયાકાંઠે...

છે. ATS અને કોસ્ટલ સિક્યુરિટી સાથે સંકલન હેઠળ મરીન કમાન્ડોની ટીમો દ્વારા દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોમાં દિવસ-રાત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન દરિયામાં અવરજવર કરતી બોટો, કાંઠા વિસ્તારમાં જોવા મળતા વાહનો તથા અજાણ્યા લોકોની ચકાસણી કરવામાં આવી રહી છે. સાથે જ લેન્ડિંગ પોઈન્ટ અને અવાવરાં સ્થળો પર પણ નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા જળમાર્ગની ગતિવિધિઓ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. સંભવિત પ્રવાસને અનુલક્ષીને જમીન માર્ગની સાથે દરિયાઈ પટ્ટામાં પણ તકેદારી વધારવામાં આવી છે.

### દિલ્હીની બહાર...

પ્રવાસન સ્થળ એકતાનગર ખાતે આવેલી સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્ય પૃષ્ઠભૂમિમાં આગામી 22 સપ્ટેમ્બરે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર-2024નો ભવ્ય સમારોહ યોજાશે. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના સાત દાયકાથી વધુના ઇતિહાસમાં પ્રથમ વખત દિલ્હીની બહાર આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સમારોહનું આયોજન થઈ રહ્યું છે અને તેના માટે ગુજરાતની પસંદગી થતાં સમગ્ર રાજ્ય તેમજ નર્મદા જિલ્લા માટે આ ક્ષણ વિશેષ ગૌરવપૂર્ણ બની છે.

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આયોજિત આ સમારોહમાં ભારતીય સિનેમા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર કુલ 92 પુરસ્કાર વિજેતાઓને ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે સન્માનિત કરવામાં આવશે. આશરે 75 મિનિટના આ ગૌરવપૂર્ણ સમારોહમાં રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં દેશભરની ફિલ્મી પ્રતિભાઓને રાષ્ટ્રીય સન્માન એનાયત થશે.

### જિલ્લા તંત્ર...

અવસર બની રહેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ, ભારતીય સિનેમા જગતની પ્રતિષ્ઠિત પ્રતિભાઓની હાજરી અને વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્યતા - આ ત્રણેયનો સંગમ 22 સપ્ટેમ્બરે કેવડિયાને રાષ્ટ્રીય સ્તરે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનાવશે.

### રસ્તા પરથી...

બાઈક રોકી રસ્તા પરથી મોબાઈલ ઉઠાવી પોતાના ખિસ્સામાં મૂકી દીધો હતો. ત્યારબાદ તેઓ નજીક આવેલા એક્સિસ બેન્કના ATM ખાતે રૂપિયા ઉપાડવા પહોંચ્યા હતા. ATMમાં રૂપિયા ઉપાડવાની પ્રક્રિયા દરમિયાન અચાનક ખિસ્સામાં રાખેલો મોબાઈલ ફોન ગરમ થવા લાગ્યો હતો અને જોતજોતામાં બ્લાસ્ટ થયો હતો. મોબાઈલ બ્લાસ્ટ થતાં પરૂણકુમાર ગંભીર રીતે દાઝી ગયા હતા. બનાવને પગલે ATM નજીક લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. રાહદારીઓએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી અને ઈજાગ્રસ્ત પરૂણકુમારને સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર આપવામાં આવ્યા બાદ તેમને રજા આપવામાં આવી હતી. મોબાઈલ બ્લાસ્ટના કારણે તેમના જમણા પગની સાથળના ભાગે ઈજા થઈ હતી. રસ્તા પર મળેલો મોબાઈલ ઉઠાવ્યા બાદ થયેલી આ ઘટનાને પગલે મોબાઈલની બેટરીમાં ખામી હતી કે અન્ય કોઈ કારણસર બ્લાસ્ટ થયો તે અંગે પણ કોઈ ચોક્કસ માહિતી જાણવા મળી ન હતી.

### હવે કોઝવે...

અત્રે નોંધનીય છે કે ગોડાદરાના ડીમાર્ટમાં અગાઉ આરોગ્ય વિભાગે અખાદ્ય વસ્તુઓને લઈ ત્રણ-ત્રણવાર કાર્યવાહી કરી હતી અને હવે કોઝવેના ડીમાર્ટ પર કાર્યવાહી કરવામાં આવી છે.

### મુંબઈમાં ખરાબ...

આવી હતી. આ ફ્લાઇટ સાંજે 4.22 કલાકે સુરત એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ થઈ હતી. ફ્લાઇટ સુરત એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી રહી હતી તે દરમિયાન એક મુસાફરની તબિયત અચાનક ખરાબ થઈ હતી. સુરત એરપોર્ટ પર લેન્ડિંગ બાદ સંબંધિત મુસાફરને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે તેને સુરતના પીપલોદ વિસ્તારમાં આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આથી ફ્લાઇટ આ મુસાફરને લીધા વિના જ મુંબઈ જવા રવાના થઈ હતી. દરમિયાન મુંબઈમાં હવામાનની સ્થિતિમાં સુધારો થતાં ફ્લાઇટને ફરી તેના નિર્ધારિત ગંતવ્ય મુંબઈ જવાની મંજૂરી મળી હતી. ઈન્ડિગોની આ ફ્લાઇટ સાંજે 5.35 કલાકે સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી મુંબઈ જવા માટે ટેકઓફ થઈ હતી. મુંબઈમાં વરસાદી માહોલ અને ખરાબ વિઝિબિલિટીના કારણે ફ્લાઇટ ડાયવર્ઝનની સ્થિતિ સર્જાઈ હતી. સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઇટના સુરક્ષિત લેન્ડિંગ, બીમાર મુસાફરને તાત્કાલિક સારવાર અને ત્યારબાદ નવા પાયલટ દ્વારા ફ્લાઇટને મુંબઈ રવાના કરવાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન એરપોર્ટ તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી.